MDB-4106-4107 Seat No. ______

# B. A. (Sem. I) Examination

## November / December - 2018

## Gujarati : CC-101

## (૧) પદ્યકૃતિનો અભ્યાસ : ઓખાહરણ

*(Old Course)*

## (૨) પ્રશિષ્ટ ગુજરાતી કાવ્ય ઝલક

## ખંડ-૧ - સં.ચંદ્રકાન્ત શેઠ (મધ્યકાલીન)

*(New Course)*

Time : 3 Hours ] [ Total Marks : **70**

**સૂચના :** જમણી બાજુના અંક પ્રશ્નના ગુણ દર્શાવે છે.

## (૧) પદ્યકૃતિનો અભ્યાસ : ઓખાહરણ

*(Old Course)*

૧ મધ્યકાલીન ગુજરાતી સાહિત્યનાં કોઈ પણ બે પદ્ય પ્રકારોનો વિગતે પરિચય કરાવો. ૧૪

અથવા

૧ છંદની વ્યાખ્યા આપી શિખરિણી, મંદાક્રાંતા, પૃથ્વી અને દોહરોનું બંધારણ ઉદાહરણ સાથે સમજાવો. ૧૪

૨ 'ઓખાહરણ'ને આધારે આખ્યાનકાર પ્રેમાનંદની વિશેષતા અને મર્યાદાઓ ચર્ચો. ૧૪

અથવા

૨ 'ઓખાહરણ'ને આધારે કવિ પ્રેમાનંદની પાત્રસૃષ્ટિનું નિરૂપણ કરો. ૧૪

૩ આખ્યાન સાહિત્યસ્વરૂપની સદૃષ્ટાંત સમજૂતી આપો. ૧૪

અથવા

૩ પ્રેમાનંદના જીવન અને સાહિત્યસેવાનો વિગતે પરિચય આપો. ૧૪

૪ ટૂંકનોંધ લખો : (કોઈ પણ **બે**) ૧૪

(૧) બાણાસુરનું પાત્ર

(૨) 'ઓખાહરણ'નું શીર્ષક

(૩) 'ઓખાહરણ'માં રસનિરૂપણ

(૪) 'ઓખાહરણ'ની ભાષાશૈલી

૫ નીચેનામાંથી કોઈ પણ **સાત** પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર આપો : ૧૪

(૧) હરિગીત છંદનું બંધારણ આપી ઉદાહરણરૂપ એક પંક્તિ નોંધો.

(૨) 'ભમો ભરતખંડમાં સકળ ભોમ ખૂંદી વળો' - પંક્તિનો છંદ ઓળખાવો.

(૩) પ્રેમાનંદનાં કોઈ પણ ચાર આખ્યાનનાં નામ લખો.

(૪) એકદંડિયા મહેલમાં ઓખાની મનઃસ્થિતિ કેવી છે ?

(૫) ઓખા પાર્વતી પાસે કેટલી વખત અને શું વરદાન માંગે છે ?

(૬) કડવાના વિભાગ જણાવો.

(૭) બાણાસુરનું પતન કેવી રીતે થાય છે ?

(૮) ઓખાની વિદાય વખતે તેની માતા શું શિખામણ આપે છે ?

(૯) બાણાસુરના પ્રધાનનું અને અનિરુદ્ધના પિતાનું નામ જણાવો.

(૧૦) પદ્યવાર્તાની બે વિશેષતા જણાવો.

(૧૧) ઝૂલણાં છંદનું એક ઉદાહરણ આપો.

(૧૨) પ્રેમાનંદ ક્યાંનો વતની હતો ? એના પિતાનું નામ જણાવો.

## (૨) પ્રશિષ્ટ ગુજરાતી કાવ્ય ઝલક

### ખંડ-૧ - સં.ચંદ્રકાન્ત શેઠ (મધ્યકાલીન)

### *(New Course)*

સૂચના : જમણી બાજુના અંક પ્રશ્નના ગુણ દર્શાવે છે.

૧ પદ તથા આખ્યાન કાવ્યસ્વરૂપનો પરિચય કરાવો. ૧૪

અથવા

૧ મીરાંબાઈના જીવન અને સાહિત્યનો વિગતે પરિચય કરાવો.

૨ કોઈ પણ **એક** કાવ્યનો રસલક્ષી આસ્વાદ કરાવો. ૧૪

(૧) વૈષ્ણવજન

(૨) મુખડાની માયા લાગી રે

(૩) મારામાં શું દીઠું !

૩ ટૂંકનોંધ લખો : (કોઈ પણ **બે**) ૧૪

(૧) છપ્પામાં અખાની વાણી

(૨) 'નળાખ્યાન'માં હારચોરીનો પ્રસંગ

(૩) 'પ્રેમની પીડા'માં રજૂ થયેલ ગોપીવિરહ

(૪) મીરાંનાં પદોમાં કૃષ્ણપ્રેમ

૪ નીચેનામાંથી કોઈપણ **ચાર** છંદો વિશે સદૃષ્ટાંત સમજૂતી આપો : ૧૪

(૧) મંદાક્રાંતા

(૨) પૃથ્વી

(૩) વસંતતિલકા

(૪) ચોપાઈ

(૫) હરિગીત

(૬) ઝૂલણાં

૫ નીચેનામાંથી ગમે તે સાતના ટૂંકમાં જવાબ આપો : ૧૪

(૧) પદની વ્યાખ્યા આપી એના બે લક્ષણો જણાવો.

(૨) કડવાના ત્રણ ભાગ કે અંગ જણાવો.

(૩) નરસિંહની જન્મભૂમિ અને કર્મભૂમિ જણાવો.

(૪) પ્રેમાનંદનાં ત્રણ આખ્યાનનાં નામ જણાવો.

(૫) અખાનો ગુરું વિશેનો ખ્યાલ-વિચાર જણાવો.

(૬) મીરાંનાં કોઈ પણ ત્રણ પદોનાં શીર્ષક આપો.

(૭) 'રાસ' કાવ્યપ્રકારની બે લાક્ષણિકતા જણાવો.

(૮) શિખરિણી છંદમાં રચાયેલી એક પંક્તિ નોંધો.

(૯) 'મસજસતતગા' બંધારણ કયા છંદનું છે ? તેનો પ્રકાર લખો.

(૧૦) છંદમાં શ્રુતિભંગ એટલે શું ?

(૧૧) ભગવાનના ભક્તો મુક્તિ શા માટે માગતા નથી ?

(૧૨) નરસિંહના માતા-પિતાનાં નામ જણાવો.